આકાશવાણી, અમદાવાદ

14-07-2026 Midday: 2.30 to 2.35 pm

Tuesday Regional News

## MANDAVIYA- ESI PROJECTS

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે દેશભરમાં કર્મચારી રાજ્ય વિમા ESI સાથે જોડાયેલી સાત આરોગ્ય પહેલોનો શુભારંભ કરાવશે. તેલંગાણાના સનથનગર સ્થિત ESIC હોસ્પિટલમાં યોજાનાર મુખ્ય કાર્યક્રમમાં, લગભગ 668 કરોડ રૂપિયાની આ યોજનાઓનો પ્રારંભ થશે. આ યોજનાઓથી દેશના લગભગ 53 લાખ વીમાધારકો અને લાભાર્થીઓને આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ મળશે.

તેઓ અન્ય છ યોજનાઓનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરશે. જેમાં સુરેન્દ્રનગરમાં ESI દવાખાનું અને શાખા કાર્યાલયનું પણ લોકાર્પણ કરાશે.

## AHMEDABAD RATHYATRA

અમદાવાદમાં શ્રી જગન્નાથજીની 149મી રથયાત્રા પૂર્વે આજે નેત્રોત્સવ વિધિ યોજાઇ. મોસાળ સરસપુરથી શ્રી જગન્નાથજી નિજ મંદિરે પધાર્યા હતા. મંદિર ખાતે ભગવાનની પરંપરાગત સ્થાપના કરવામાં આવી હતી. ભગવાન શ્રી જગન્નાથજી, બળભદ્રજી અને સુભદ્રાજીના નેત્રોનું પુનઃ અંકન કરાયું. નેત્રોત્સવ બાદ ભક્તોએ ભગવાનના પ્રથમ દર્શન કર્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં વહેલી સવારે ધ્વજારોહણ કરાયું. ભક્તો માટે માલપુઆ, પૂરી શાક અને દૂધપાકનો પ્રસાદ પીરસાયો હતો. આ અંગે મહંત દિલીપદાસજી મહારાજે વધુ માહિતી આપી.

બીજી તરફ ભગવાન જગન્નાથની રથયાત્રાના રૂટ પર પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી. જેમાં 31 હજાર પોલીસકર્મીઓ અને અધિકારીઓ જોડાયા.

## RATHYATRA DISTRICTS

ખેડાના ડાકોરના સુપ્રસિદ્ધ રણછોડરાય મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજના બદલે પુષ્ય નક્ષત્રના આધારે આવતીકાલે રથયાત્રા યોજાશે. યાત્રાધામ ડાકોરની ભગવાન રાજા રણછોડની રથયાત્રા સવારે 9 વાગ્યે નીકળશે જેમાં રાજા રણછોડનું બાળ સ્વરૂપ ગોપાલ લાલજી મહારાજ સમગ્ર મંદિરમાં ચાંદીના રથમાં પરિક્રમા કરશે.

ભાવનગરમાં અષાઢ સુદ બીજના પવિત્ર દિવસે સવારે 8 વાગ્યે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું પ્રસ્થાન કરાશે. ભગવાન જગન્નાથ, મોટાભાઈ બલરામ અને બહેન સુભદ્રાની મૂર્તિઓની પૂજા-અર્ચનામાં અનેક સંતો, મહંતો, મહામંડલેશ્વર અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

મહેસાણાના વડનગરમાં પણ ગોપાલજી મંદિરથી અષાઢી બીજે ભગવાન જગનનાથજી ની 114 મી રથયાત્રા બપોરે 2 વાગ્યે નીકળશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભક્તો મોટી સંખ્યામાં રથયાત્રામાં જોડાશે. રથયાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ વિભાગ દ્વારા રથયાત્રાના માર્ગો ઉપર ફ્લેગમાર્ચ યોજી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું નિરીક્ષણ કરાયું હતું.

## HORNBILL

છ દાયકા પહેલા ગીરમાંથી વિલુપ્ત થયેલા 'ચિલોત્રા' પક્ષી ફરી કલરવ કરતા થયાં. રાજ્ય સરકારનાં રિ-ઈન્ટ્રોડક્શન પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ 2021માં ચિલોત્રાને અરવલ્લીનાં જંગલોમાંથી ગીરનાં જંગલોમાં પાછા વસાવવામાં આવ્યા હતા. તબક્કાવાર કુલ 40 ચિલોત્રાને ગીરનાં જગંલમાં છોડવામાં આવ્યા હતા. ત્યારબાદ આ પક્ષીઓ હવે ગીરનાં જગંલમાં સ્થાયી થઈ ગયાં જણાયું છે.

1950 અને 1960ના દાયકામાં ગીરનાં જગંલમાંથી અદૃશ્ય થઈ ગયેલા ચિલોત્રા પક્ષીને ફરી વખત ત્યાં પાછા લાવવાનાં પ્રોજેક્ટને સફળતા મળવી એ એક સીમાચિહ્નરૂપ ઘટના છે.

## CHANDIPURA VIRUS

મહીસાગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બન્યા છે. આ સાથે શંકાસ્પદ કે પોઝિટિવ દર્દીને તાત્કાલિક શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે જિલ્લાની જનરલ હોસ્પિટલ ખાતે તમામ આગોતરી તૈયારીઓ કરી લેવામાં આવી છે. મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખે જનરલ હોસ્પિટલની મુલાકાત લઈને સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને તબીબી સેવાઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

## DAMAN TRAFFIK

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ પોલીસ દ્વારા ટ્રાફિક દંડ વસૂલાતમાં ડિજિટલ વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી છે જે અંતર્ગત ટ્રાફિક નિયમોના ભંગ બદલ હવે દંડની વસૂલાત રોકડના બદલે ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. પોલીસ અધિક્ષક કેતન બંસલે જણાવ્યું, નવી વ્યવસ્થા હેઠળ વાહનચાલકો હવે ટ્રાફિક દંડની ચુકવણી યુપીઆઈ, ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા સ્થળ પર જ કરી શકશે.

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 જુલાઈના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 136મી કડી હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આ મહિનાની 24મી તારીખ સુધી મોકલી શકાશે.